

પાવન પર્યુષણનો પ્રારંભ - શહેરમાં પાવન પર્યુષણના પ્રારંભે દેરાસરોમાં સજાવટ કરાઈ હતી... ભગવાન મહાવીરને વૈવિધ્યપૂર્ણ આંગી કરાઈ હતી... શહેરના મુખ્ય દેરાસરોમાં વહેલી સવારથી જ જૈન સમુદાયના ભાવિકો પૂજન-અર્ચન માટે ઉમટ્યા હતા... પર્યુષણ પર્વ દરમિયાન આંગીના દર્શન તથા મહારાજ સાહેબનું પ્રવચન અને પ્રતિક્રમણનો મહિમા વધુ હોય છે... આ ઉપરાંત મોટી સંખ્યામાં ભાવિકો તપ-આરાધના પણ કરતા હોય છે... વહેલી સવારથી જ દેરાસરના પ્રાંગણમાં શ્રાવકો ઉલ્લાસમય વાતાવરણમાં ઉમટ્યા હતા...

### ૨૦૦૪ પછી સૌથી વધુ જમીનના વ્યવહારો થયા છે તેવા

# ૫૨ ગામોના ૭/૧૨નું સ્કેનીંગ કરવાનો લેવાયેલો નિર્ણય

**આ પછી જિલ્લાના તમામ ગામોના ૭/૧૨ના ઉતારાનું સ્કેનીંગ કરી કોમ્પ્યુટર પર અપલોડ કરાશે**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાના ૫૨ ગામોમાં ૨૦૦૪ પછી જ્યાં જમીનને લગતા સૌથી વધુ વ્યવહારો નોંધાયા છે તેવા ગામોના પ્રથમ તબક્કામાં ૭/૧૨ના ઉતારાનું સ્કેનીંગ કરવાનો નિર્ણય જિલ્લાતંત્રએ લીધો છે.

જિલ્લા કલેક્ટર લાંગાએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે આ ગામોના ૭/૧૨ના ઉતારા નવેમ્બર-૧૮ સુધીમાં સ્કેનીંગ કરી લેવાશે અને તે પછી તમામ ગામોના ૭/૧૨ના ઉતારા સ્કેનીંગ કરવામાં આવશે.

૨૦૦૪ પછીના ૭/૧૨ના ઉતારાનું સ્કેનીંગ કરવાની કામગીરી હાથ ધરાઈ ચુકી છે અને ૧૦થી વધુ ગામો જે સંવેદનશીલ ગણાય છે તે ગામોના સ્કેનીંગની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે અને તે આ માસના અંત સુધીમાં પૂર્ણ થાય તેવું આયોજન છે. ૨૦૦૪ બાદ ૭/૧૨ના ઉતારા હાથથી લખાતા

● અનુસંધાન પાન-૭ પર

# ગુડા વિસ્તારમાં શ્રમિકોને ધ્યાને લઈ રેનબસેરાનુ નિર્માણ કરવા પ્રબળ માંગ

**વિકાસ તેમજ માળખાગત સુવિધાના અનેકવિધ કામો ધમધમતા બહારગામથી આવતા શ્રમિકોની સંખ્યા વિશેષ : શ્રમિકો સ્વમાનભેર રહે અને ગંદકી સહીતની સમસ્યાને ડામવા માટે રેઇનબસેરા અનિવાર્ય : મહાસંઘ**

ગાંધીનગર તા ૬

ગુડા વિસ્તારમાં બહારગામથી આવતા શ્રમિકોની સંખ્યા વિશેષ છે. જયારે માળખાગત સુવિધા તેમજ વિકાસના અનેક કામો હાથ ધરાતા શ્રમિકો સતત કામ કરતા નજરે પડે છે. પરંતુ શ્રમિકો માટે હજુ સુધી રેનબસેરાનુ આયોજન ન થતા ગંદકી સહીતના પ્રશ્નો પણ જટીલ બન્યા છે. શ્રમિકોના સ્વમાનને ધ્યાને લઈ રેનબસેરાનુ નિર્માણ કરવા માટે પણ રજુઆતમાં જણાંવાયુ છે.

ગાંધીનગરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ કરવામાં આવ્યા બાદ મુળભુત સુવિધાઓ ઉભી કરવા

● અનુસંધાન પાન-૭ પર

# નગરની સરકારી પ્રાથમિક શાળાઓમાં ૩૧ શિક્ષકોની ઘટ

**બાળકોના શિક્ષણ પર માઠી અસર : શહેરની ૩૩ સરકારી પ્રાથમિક શાળાઓમાં ૬૩૩૧ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે : મંજુર મહેકમ સામે શિક્ષકોની ઘટના લીધે પાયાનુ શિક્ષણ કથળ્યુ**

ગાંધીનગર તા ૬

ગાંધીનગર શહેરની ૩૩ પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટના લીધે વિદ્યાર્થીઓના શિક્ષણ પર માંઠી અસર થઇ રહી છે. મંજુર મહેકમ મુજબ આ શાળાઓમાં ૨૨૧ શિક્ષકો હોવા જોઈએ પરંતુ હાલની સ્થિતિએ ૩૧ જેટલા શિક્ષકોની ઘટના લીધે વિદ્યાર્થીઓનુ પાયાનુ શિક્ષણ કથળી રહ્યુ છે. મિશન વિદ્યાનુ અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે ત્યારે સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ લેખન અને વાંચન પણ યોગ્ય રીતે ન કરી શકતા હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે.

સમગ્ર રાજયનો વહીવટી દોરી સંચાર થાય છે તેવા પાટનગરમાં જ દિવા તળે અંધારુ હોય તેવુ ચિત્ર ઉપસી આવ્યુ છે. શિક્ષણનુ હબ બનતા ગાંધીનગરમાં શિક્ષિત વર્ગ ઉંચો છે. પરંતુ નગરની પ્રાથમિક શાળાઓમાં શિક્ષણનુ સ્તર કથળી રહ્યુ છે. નગરની સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટના લીધે વિદ્યાર્થીઓના પાયાના શિક્ષણ પર માંઠી અસર વર્તાઈ રહી હોવાનો સુર ઉઠવા પામ્યો છે. નગરની ૩૩ જેટલી પ્રાથમિક શાળાઓમાં અંદાજિત ૬૩૩૧ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જયારે ધો-૧ થી ૮ માં અભ્યાસ કરતા આ વિદ્યાર્થીઓને અનુલક્ષી શિક્ષકોનુ મંજુર મહેકમ પણ ૨૨૧નુ હોવાનુ ધ્યાને આવ્યુ છે. આમછતા સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટનો પ્રશ્ન સામે આવ્યો છે.

નગરની સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોના મામલે અસમાનતાનુ ચિત્ર પણ સ્પષ્ટ થયુ છે. જેમાં સે-૨૯ ની પ્રાથમિક શાળા નં-૨ માં ૫૪ વિદ્યાર્થીઓ માટે ૨ ના બદલે ૩ શિક્ષકો હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. ત્યારે નગરની પ્રાથમિક શાળાઓમાં

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ૧૬,૭૨૧ નવા મતદારો નોંધાયા : કલેક્ટર



ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ૧૬,૭૨૧ નવા મતદારો નોંધાતા હવે પાંચેય વિધાનસભામાં કુલ મતદારોની સંખ્યા ૧૧,૯૨,૩૧૫ થઈ છે.

જિલ્લા ચૂંટણી અધિકારી વ કલેક્ટર એસ.કે. લાંગાએ આજે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે ૧લી સપ્ટે.થી ૪૫ દિવસ માટે મતદાર યાદી સુધારણાની ઝુંબેશ શરૂ થઈ છે. ત્યારે ૧-૧-૧૯ની સ્થિતિએ ૧૮ વર્ષ પૂર્ણ થતા હોય તે બધા મતદારોના નામ દાખલ કરવાની આ મહત્વની ઝુંબેશ છે.

આગામી વર્ષે આવી રહેલ લોકસભાની ચૂંટણી પૂર્વેની આ મહત્વની ઝુંબેશ છે કારણ કે નવી મતદારયાદીની યાદી પ્રસિદ્ધિ ૪-૧-૧૯ના રોજ થવાની છે.

જિલ્લા કલેક્ટર લાંગાએ જણાવ્યુ હતુ કે ૪૫ દિવસની આ મતદાર યાદી સુધારણા ઝુંબેશમાં ત્રણ દિવસ વિશેષ અભિયાન હાથ ધરવામાં આવશે જેમાં બુથ લેવલ ઓફિસર જે તે બુથ પર આખો દિવસ આ માટેની અરજીઓ સ્વીકારશે.

તેમણે જણાવ્યુ હતુ કે આ મહત્વની ઝુંબેશ લોકશાહીમાં ભાગીદારી માટેની છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે મતદારયાદી સંપૂર્ણ ક્ષતિરહિત બને તે જોવાશે. ૪-૧-૧૯ પછી ૪-૨-૧૯ સુધીમાં નવા નોંધાયેલા મતદારોને બી.એલ.ઓ. દ્વારા તેમના ચૂંટણી ઓળખપત્રનું વિતરણ કરશે.

પત્રકારોને વધુ વિગતો આપતાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી ઠક્કરે જણાવ્યુ હતુ કે જિલ્લામાં ૧-૯-૨૦૧૮ની સ્થિતિએ ૬,૧૨,૮૭૮ પુરૂષ મતદારો અને ૫,૭૯,૪૦૪ મહિલા મતદારો તેમજ ૩૩ અન્ય મતદારો મળી કુલ ૧૧,૯૨,૩૧૫ મતદારો નોંધાયેલા છે. જિલ્લામાં મતદારોની દ્રષ્ટિએ સૌથી મોટો વિસ્તાર ગાંધીનગર (દ) છે જ્યાં મતદારોની સંખ્યા ૩,૧૧,૩૯૨ છે. આ પછી ગાંધીનગર (ઉ) આવે છે જ્યાં ૨,૩૫,૦૮૫ મતદારો નોંધાયેલા છે. કલોલમાં ૨,૨૭,૧૪૮ મતદારો, માણસામાં ૨,૧૪,૭૧૦ મતદારો અને દહેગામમાં ૨,૦૩,૯૮૦ મતદારો નોંધાયેલા છે.

# કેપીટલ રેલવે સ્ટેશન આસપાસના ૧૯૩ છાપરાં હટાવવા નોટીસ

**અંડરપાસ બનાવવા છાપરાં દૂર કરાશે**

ગાંધીનગર, તા.૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મહત્વાકાંક્ષી યોજના પૈકીની એક કેપીટલ રેલવે સ્ટેશન ઉપર ફાઈવ સ્ટાર હોટલ બનાવવાની છે. આગામી વર્ષ ૨૦૧૯, જાન્યુઆરી માસમાં વાયબ્રન્ટ સમીટ યોજાય તે પહેલાં અહીં હોટલ તૈયાર થઈ જાય તે માટેના આદેશો દિલ્હીથી છૂટા થયા બાદ અહીં યુદ્ધના ધોરણે કામગીરી ચાલી રહી છે. ત્યારે મહાત્મા મંદિર સામે રેલવે સ્ટેશન ઉપર આ બિલીપત્ર આકારની હોટલ બનાવવા માટે તેમજ અહીંથી અંડરપાસ પણ બનાવવામાં આવનાર છે જે માટે સેક્ટર-૧૪ ગોકુળપુરાના ૧૯૩ જેટલા છાપરાઓ હટાવવા પડે તેમ છે જેને લઈને હાલ માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ છાપરા ધારકોને લેખિત નોટીસ આપવામાં આવી છે. એટલું જ નહિ તેમને સાત દિવસમાં આ છાપરાં દૂર કરવા માટે અલ્ટીમેટમ પણ આપવામાં આવ્યું છે.

# સિંચાઈ માટે નર્મદાનું પાણી છોડવાનો સરકારનો નિર્ણય

ગાંધીનગર, તા.૬

રાજયમાં કેટલાક વિસ્તારોમાં ખેંચાયેલા અને અપૂરતા વરસાદની પરિસ્થિતિને ઘ્યાનમાં લઈને ખાસ કરીને ખેતરોમાં ઉભા પાકને બચાવી લેવા મુખયમંત્રી વિજય રૂપાણીએ જે વિસ્તારોમાં નર્મદાના પાણીની સિંચાઈ માટે જરૂરિયાત ઉભી થઈ છે તે વિસ્તારોમાં આજ રાતથી જ નર્મદાનું પાણી નર્મદા નહેરોમાં છોડવાનો અત્યંત મહત્વનો નિર્ણય લીધો છે. તે મુજબ મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત સૌરાષ્ટ્રની નર્મદા નહેરોના કમાન્ડ વિસ્તારમાં આવતા સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારો ઉપરાંત અમદાવાદ જિલ્લામાં ફતેવાડી અને ખારીકટ કેનાલમાં નર્મદાના પાણી સિંચાઈના હેતુ માટે છોડવામાં આવશે તેમ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે.

રાજય સરકારે રાજયના ખેડૂતોના હિતમાં આ મહત્વનો નિર્ણય આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કેબિનેટની બેઠકમાં આ કૃષિ લક્ષી નિર્ણય લીધો હોવાનું ચુડાસમા તથા સિંચાઈ રાજયમંત્રી પરબતભાઈ પટેલે જણાવ્યું હતુ.

# ઉત્સાહના અભાવ વચ્ચે પંચાયતના નવા ચેરમેનોએ હોદ્દાના ચાર્જ સંભાળ્યા



ગાંધીનગર, તા. ૬

કોંગ્રેસી કાર્યકરોમાં ઉત્સાહના અભાવ વચ્ચે આજે જિલ્લા પંચાયતની છ સમિતિના નવા વરાયેલા ચેરમેનોએ તેમના હોદ્દાના ચાર્જ સંભાળ્યા હતા.

કાર્યકરોની ભીડનો અભાવ તેમજ જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યોની પણ ગેરહાજરી આજે સ્પષ્ટ વર્તાઈ આવતી હતી. એક ડઝનથી પણ વધુ કોંગ્રેસના ચૂંટાયેલા સભ્યો ગેરહાજર જણાતા હતા તો કાર્યકરોમાં પણ બહુ ઉત્સાહ જોવા મળતો નહતો.

જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં સમિતિઓની રચના બાદ ૩૧મીએ નવા ચેરમેનોની નિયુક્તી થઈ હતી. નવા ચેરમેનોની નિયુક્તીના મુદ્દે કોંગ્રેસના સભ્યોમાં જ અસંતોષની લાગણી સ્પષ્ટ તરી આવતી હતી.

આજે નવા ચૂંટાઈ આવેલા ચેરમેનોને અભિનંદન આપવા માટે ધારાસભ્ય બળદેવજી ઠાકોર, પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી નીશિથ વ્યાસ, શહેર કોંગ્રેસના મહામંત્રી રાકેશ જાની, મનપાના કાઉન્સીલર મીનાબેન વાઘેલા, મહિલા મોરચના ઉપપ્રમુખ કપિલાબેન ચાવડા, જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભી, જિલ્લા કોંગ્રેસના અગ્રણીઓ સોમાજી ઠાકોર, અરવિંદસિંહ સોલંકી, માનસિંહ ઠાકોર, શિવરામભાઈ ચૌધરી, કનુભાઈ ચૌધરી, પંકજભાઈ પટેલ, નાથુભાઈ મકવાણા, પૂર્વ ધારાસભ્ય કામિનીબા રાઠોડ, લાલભાઈ રાઠોડ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

નવા વરાયેલા ચેરમેનોએ પણ આજે ઉત્સાહના અભાવ વચ્ચે પોતાના નવા વિભાગોના અધિકારીઓ સાથે વિભાગો વિશેની જાણકારી મેળવવાનું પણ ટાળ્યુ હતુ.

આજે જો કે સવારના સમયે પંચાયતમાં અધિકારીઓની ઓછી હાજરી પણ નોંધનીય છે.

## જાહેર નોટીસ

અરજદાર વકીલ શ્રી એસ. એમ. શુક્લા
શ્રી એમ. એ. મનસુરી

**ગાંધીનગરના ૬ઠા એડી સીની. સીવીલ જજ શ્રી. આર.ડી. મહેતા સાહેબની કોર્ટમાં**

સી.એમ.એ.નં.-૧૦૩/૧૮
આંક-૦૫

વાદી :- કુસુમબેન રમેશભાઈ ઉર્ફે રમણભાઈ જયંતીભાઈ સોલંકી
રહે. સી.-૪૧/૭, સ્વીમનપાર્ક સોસાયટી, નોબલનગર, અમદાવાદ

વિરુધ્ધ

પ્રતિવાદી :- (૧) નાયબ નિયામકશ્રી (તાલીમ)
ઠે. રોજગાર અને તાલીમ નિયામકની કચેરી
બ્લોક નં. ૧, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૨) ગુજરાત સરકારશ્રી

**બાબત : ઈન્ડીયન સકસેશન એક્ટ-૧૯૨૫ની કલમ-૩૭૨ મુજબ વારસા સર્ટીફીકેટ મેળવવાની અરજી...**

આથી જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જણાવવામાં આવે છે કે અરજદારના પતિ સ્વ. રમેશભાઈ ઉર્ફે રમણભાઈ જયંતીભાઈ સોલંકી રોજગાર અને તાલીમ નિયામક કચેરી ગાંધીનગર મુકામે પટાવાળા તરીકે નોકરી કરતા હતા અને તા. ૩૧/૧૦/૧૬ના રોજ અવસાન થયેલ છે. જેથી હાલના અરજદારે ગુજરનારના પત્નિ થતા હોવાથી સરકારી નીતિનિયમ મુજબ મળવાપાત્ર લાભો મેળવવા સારૂ - ગ્રેજ્યુઈટી, ફેમલી પેન્શન, રજા પગાર, જુથ વીમો અને જી.પી.એફ., તથા અન્ય કોઈ લાભ મળવાપાત્ર હોય તો તે વારસાઈની રૂએ અરજદારે ગુજરનારના સીધી લીટીના વારસદાર તરીકે વારસાઈ પ્રમાણપત્ર મેળવવા સારૂ હાલની અરજી કરેલ છે. જેથી આ નોટીસ પ્રસિધ્ધ થયેથી કોઈને માગ્યા મુજબનું પ્રમાણપત્ર મેળવવા સામે વાંધો હરકત હોય તો હવે પછીની મુ. તા. ૨૪/૦૯/૧૮ના રોજ વાંધા રજુ કરવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં કસુર કરશો તો નામ. કોર્ટ તેની નોંધ લઈ આગળની ન્યાયીક કાર્યવાહી કરશે તેની નોંધ લેશો.

આજ તારીખ : ૦૫ સપ્ટેમ્બર સને ૨૦૧૮ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

તૈયાર કરનાર સહી/- (પી. જી. વાઘેલા) આસીસ્ટન્ટ
મુકાબલ કરનાર સહી/- (વી. એ. પારેખ) આસીસ્ટન્ટ
કોર્ટનો સિક્કો
હુકમથી સહી/- રજીસ્ટ્રારશ્રી પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, ગાંધીનગર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ashirvad BENELAVE DR. FIXIT TATA STEEL • PIPES • SHEETS ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com